सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬. | | |
| ફેસલ તારીખ | ૨૪/૦૩/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી પરચુરણ અરજી નં.૩૫૬/૨૦૨૬.
આંક-૭.

**૧. કરણ સ./ઓ. હસમુખભાઈ મકવાણા,**
ઉ.વ. ૨૦, ધંધો : મજુરી,
**૨. ભાવનાબેન વા./ઓ. હસમુખભાઈ મકવાણા,**
ઉ.વ. ૪૦, ધંધો : ઘરકામ,
રહે.બંને કપુરીયાને કાંઠે, કાલાવડ, જી.જામનગર,
હાલ : જીલ્લા જેલ, જામનગર. :: અરજદારો.

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
જામનગર. :: સામાવાળા.

બાબત : બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ જામીન અરજી.

અરજદારો તરફે વિ.વ. શ્રી જે.એમ. સોમૈયા.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી.

-:: **ચુકાદો** ::-

**૧.** અરજદારોએ બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

૨. અરજદારોની અરજીની ટૂંકમા વિગત એવી છે કે, કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન, ગુ.ર. નં.૧૧૨૦૨૦૫૬૨૫૦૯૬૬/૨૦૨૫, પ્રોહીબીશન એકટ કલમ-૬૫ (ઈ)(એફ), ૮૧, ૯૮(૨) મુજબનાં ગુન્હાનાં કામે તેઓને અટક કરવામા આવેલ છે અને હાલ જયુડિશિયલ કસ્ટડીમા હોવાથી જામીન ઉપર મુકત થવા માટે બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામા આવેલી છે.

૩. અરજી દાખલ થતાં સરકારશ્રીને નોટીસ કરવામા આવતા સરકારશ્રી તરફે વિ.પી.પી. શ્રી જે.કે. ભંડેરી હાજર થયેલા છે.

૪. અરજદારોનાં વિ.વ. શ્રીની મુખ્યત્વે રજુઆત છે કે, અરજદારો વિરૂદ્ધ નોંધાયેલ ગુન્હો ટ્રાયેબલ બાય જે.એમ.એફ.સી. છે અને તેમા સજાની જોગવાઈ વધુમા વધુ ૧૦ વર્ષની છે. અરજદારો મજુરી તથા ઘરકામ કરી ગુજરાન ચલાવે છે, પોતાનાં કુટુંબ, પરીવારનો આધાર તેઓ ઉપર છે. તેઓ કાયમી રીતે ઉપરોકત સરનામે વસવાટ કરે છે, કયાંય નાશી, ભાગી જાય તેમ નથી અને ટ્રાયલનાં તબકકે તેઓની હાજરી સુનિશ્ચિત કરી શકાય તેમ છે. આ કામનાં સહ આરોપીઓને આ કોર્ટ તરફથી ફોજદારી પરચુરણ અરજી નં.૯૪/૨૦૨૬, ૧૭૩/૨૦૨૬ થી તથા અન્ય સહ આરોપીને નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી ફોજદારી પરચુરણ અરજી નં.૨૫૭૯૩/૨૦૨૫ થી જામીન મુકત કરવામા આવેલા છે. તેથી, અરજદારોને પણ પેરીટીનો લાભ આપવો જોઈએ. તેથી, અરજદારોની જામીન અરજી મંજુર કરવા અરજ કરેલી છે.

૫. વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદીએ મુખ્યત્વે દલીલ કરેલી છે કે, અરજદારોએ આર્થિક લાભ મેળવવા માટે અસામાજીક પ્રવૃત્તિ કરેલી છે. આ કામનાં અરજદારો વિરૂદ્ધ અગાઉ પણ આ જ પ્રકારનાં અનુક્રમે ૩ અને ૬ ગુન્હાઓ નોંધાયેલા છે. અરજદારો ચારેક મહીના જેટલો સમય નાસતા

ફરતા રહેલા છે. તેથી, અરજદારોને જામીન મુકત કરવામા આવશે તો, આ જ પ્રકારનાં ગુન્હા કરવા પ્રેરાશે. તેથી, હાલની જામીન અરજી રદ કરવા અરજ કરેલી છે.

**૬.** બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની રજુઆતો સાંભળી, પોલીસ તપાસનાં કાગળો વંચાણે લીધા તથા તપાસનીશ અમલદારનું સોગંદનામુ પણ વંચાણે લીધુ.

**૭.** સૌપ્રથમ આ ગુન્હાનાં કામે આરોપીઓ વિરૂદ્ધનાં આક્ષેપિત ગુન્હાની ટૂંકમા હકીકત ધ્યાને લેવામા આવે તો, આ કામનાં અરજદારોએ આ કામનાં અન્ય આરોપીઓ સાથે મળી પોતાનાં કબજાની વાડીની ઓરડીમા ગેરકાયદેસર રીતે દેશી દારૂ લીટર-૩૦૦, કિંમત રૂા.૬૦,૦૦૦/-, દારૂ બનાવવાનો કાચો આથો લીટર-૨૦૦૦, કિંમત રૂા.૫૦,૦૦૦/- તથા દારૂ બનાવવાનાં સાધનો સાથે મળી આવેલ હોવાનો આક્ષેપ છે.

**૮.** આ રજુ થયેલ પોલીસ તપાસનાં કાગળો જોતા અરજદારો વિરૂદ્ધનો આક્ષેપિત ગુન્હો ખૂબ જ ગંભીર સ્વરૂપનો હોવાનું પ્રથમ દર્શનીય સ્પષ્ટ જણાઈ આવે છે અને આવા ગંભીર ગુન્હાનાં કામે અરજદારે જ્ઞાન સાથેની સક્રિય ભૂમિકા ભજવેલી હોવાનું પ્રથમ દર્શનીયરીતે સ્પષ્ટ બને છે. વળી, આ કામનો ગુન્હો તા.૧૮/૧૧/૨૦૨૫ નાં રોજ નોંધાયા બાદ અરજદાર ની અનુક્રમે ધરપકડ છેક તા.૧૧/૩/૨૦૨૬ અને તા.૧૨/૩/૨૦૨૬ નાં રોજ થઈ શકેલી છે. આવા સંજોગોમા અરજદારો ગુન્હો આચર્યા બાદ ચારેક માસ જેટલો સમય નાસતા ફરતા રહેલા છે.

**૯.** આ કામનાં સહ આરોપીઓ અગાઉ જામીન મુકત થયેલા હોવાથી અરજદરોને પણ પેરીટીનો લાભ આપવા અંગે રજુઆત થયેલી છે, પરંતુ આ કામનાં અરજદારો વિરૂદ્ધ આ અગાઉ અલગ અલગ પોલીસ સ્ટેશનોમા

અનુક્રમે ૩ અને ૬ ગુન્હાઓ આ જ પ્રકારનાં નોંધાયેલા છે અને અરજદારો ગુન્હો નોંધાયા બાદ ચારેક માસ સુધી નાસતા ફરતા રહેલા છે. આવા સંજોગોમા અરજદારોને જામીન મુકિતનો લાભ આપવામા આવશે તો, આ જ સ્વરૂપનાં ગુન્હાઓને ઉત્તેજન આપવા સમાન લેખાશે. વિશેષમા, અરજદારો વિરૂદ્ધનું **ચાર્જશીટ રજુ થવાનું બાકી છે.**

**૧૦.** તાજેતરમા દિન-પ્રતિદિન ખૂબ જ મોટા જથ્થામા દારૂનું વહન કરી સમાજ નાં આરોગ્યનાં વિશાળ હિત સાથે ચેડા કરવાની પ્રવૃત્તિ સવિશેષ પ્રમાણ મા બની રહે છે અને તેનાં કારણે જ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત પ્રોહિબિશન એકટમા આમૂલ પરિવર્તન લાવી તેને વધુ કડક અને અસરકારક બનાવવામા આવેલ છે. તેથી, આવા તબકકે જો હાલનાં અરજદાર જેની વિરૂદ્ધ દારૂ રાખવા અને વેચાણ કરવાનો આક્ષેપ છે તેને જામીન મુકિતનો લાભ આપવામા આવશે તો, ગુજરાત પ્રોહિબિશન એકટ ને અસરકાર બનાવવા પાછળનો સરકારનો હેતુ માર્યો જાય તેમ છે. તેવા સંજોગોમા પણ અરજદારોને જામીન મુકિતનો લાભ આપવો ન્યાયોચીત જણાઇ આવતુ નથી.

**૧૧.** ઉપરોકત સંજોગોમા હાલનાં અરજદારોને જામીન મુકિતનો લાભ આપવો ન્યાયોચીત જણાઇ આવતુ ન હોય, ન્યાયનાં હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-:: હુકમ ::-**

**૧.** અરજદારોની હાલની જામીન અરજી નામંજુર (રદ) કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૪મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

જામનગર.
તા.૨૪/૩/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 24/03/2026 17:50:15 IST.

**(નેહલકુમાર રાજેશભાઇ જોષી)**
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર